**શ્રી એમ.વી.ચોકસી, ન્યાયાધીશ, મજુર અદાલત,**
**સુરત સમક્ષ**

**ટી. અરજી નં.–૯૩૬/૨૦૦૪**
**આંક : ૨૦**

**અરજદાર** : પ્રકાશ બંસનારાયણ,
રહે. પ્લોટ નં.૧૨–૧૪, વિજયનગર સોસાયટી,
દરબારનગર પાસે, વેડ રોડ, સુરત.

**વિરુધ્ધ**

**સામાવાળા** : (૧) માલીકશ્રી, બાલાજી ટેક્ષટાઈલ્સ,
ઠે. પ્લોટ નં.૨૮–૨૯–૩૦, રામેશ્વર સોસાયટી,
વેડરોડ, સુરત.
(૨) માલીકશ્રી, તિરુપતિ ટેક્ષટાઈલ્સ,
ઠે. પ્લોટ નં.૩૦, રામેશ્વર સોસાયટી,
વેડરોડ, સુરત.
(૩) માલીકશ્રી, જય જલારામ ટેક્ષટાઈલ્સ,
ઠે. પ્લોટ નં.૨૯, રામેશ્વર સોસાયટી,
વેડરોડ, સુરત.
(૪) માલીકશ્રી, ઈસીતા ટેક્ષટાઈલ્સ,
ઠે. પ્લોટ નં.૨૮, રામેશ્વર સોસાયટી,
વેડરોડ, સુરત.

**હાજર રહયા** : અરજદાર તરફે :–પ્રતિનિધિશ્રી દિપકભાઈ પીપરોડીયા.
સામાવાળા નં.૧ તરફે :– કોઈ હાજર નથી.
સામાવાળા નં.૨ થી ૪ તરફે :– વિ.વકીલશ્રી મહેન્દ્રભાઈ જોષી.

**:: ચુકાદો ::**

**ધી B.I.R. એકટ ૧૯૪૬ની કલમ–૭૮,૭૯ મુજબની અરજી**

**(૧)** અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર સામાવાળા નં.૧ થી ૪ ની સંસ્થાઓમાં ૬ વર્ષથી માસીક રુા.૬,૦૦૦/–ના પગારથી વીવર તરીકે કામ કરતા આવેલા. સંસ્થામાં અંદાજે કુલ ૨૦ કામદારો કામ કરે છે. સામાવાળાઓની સંસ્થાને બી.આઈ.આર.એકટ તેમજ અન્ય મજુર કાયદાઓ લાગુ પડે છે જેનો અમલ કરવાની સામાવાળાઓની કાયદેસરની ફરજ અને જવાબદારી છે. અરજદાર કામદારોને કાયદેસર મળવાપાત્ર કોઈપણ હકોના નાણાંની ચુકવણી સામાવાળાઓ તરફથી કરવામાં આવતી ન હતી

અને પત્રકો પર સહી કરાવી અનફેર લેબર પ્રેકટીશનુ આચરણ કરવામાં આવતુ હતુ. સામાવાળાઓ અરજદારને એક ખાતામાંથી બીજા ખાતામાં મનસ્વી રીતે જાણ કર્યા વગર ટ્રાન્સફર કરતા હતા અને કયા ખાતામાં માસીક પગાર ચુકવતા તેની જાણ કરતા ન હતા. તા.૧–૧–૦૪ના રોજ અરજદાર પહેલી પાળીમાં સવારે ૮–૦૦ કલાકે હાજર થયેલા ત્યારે સામાવાળા શેઠશ્રી ધર્મેશભાઈએ અરજદાર તથા અન્ય કામદારોને ઓફીસમાં બોલાવી મંદી હોવાનુ ખોટુ બહાનુ બતાવી અરજદારને કોઈપણ જાતના ગુના વિના કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભંગ કરી નોટીસ કે નોટીસપગાર કે ખાતાકીય તપાસ કર્યા વગર મનસ્વી રીતે માહે ઓકટો.૦૪નો પગાર ચુકવ્યા વિના નોકરીમાંથી છુટા કરી દીધેલા અને છુટા કરતી વખતે કોઈપણ જાતના હકોના નાણા ચુકવેલ નથી. ત્યારબાદ અરજદારે તા.૬–૧૨–૦૪ ના રોજ નોકરીમાંથી પુન:સ્થાપિત કરવા માટે સામાવાળાઓને બી.આઈ.આર.એકટની કલમ ૪૨(૪) રુલ ૫૩ મુજબ વિનંતીપત્ર મોકલેલ જે સામાવાળાઓએ રીફયુઝડના શેરા સાથે પરત કરેલ. સામાવાળાઓએ અરજદારને નોકરીમાંથી છુટા કર્યા બાદ તેમની જગ્યાએ નવા કામદારને રાખી લીધેલ છે. અરજદારે નોકરીની શોધખોળ કરેલ તેમ છતાં નોકરી મળેલ નથી અને હાલ બેકાર છે. સામાવાળાઓ જો અરજદારને નોકરીમાં બોલાવે તો તેઓ ફરજ બજાવવા માટે રાજીખુશી અને તૈયાર છે. આમ, અરજદારને તા.૧–૧૧–૦૪ ના રોજ વગર વાંકે અને વગર નોટીસે મૌખિક હુકમથી છુટા કરવાનો સામાવાળાઓનો હુકમ ગેરકાયદેસર અને રદબાતલ હોવાનુ જાહેર કરી અરજદારને પડેલા દિવસોના પગાર સહીત જુની નોકરીએ નોકરીના તમામ આનુસાંગિક લાભો સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરે તેવો હુકમ ફરમાવવા તથા અરજીખર્ચ અપાવવા માંગણી કરેલ છે.

(૨) સદર અરજીની ધોરણસરની નોટીસ કરતા જે સામાવાળા નં.૧ થી ૪ ને બજી જવા છતાં લેખીત જવાબ રજુ કરેલ ન હોય સામાવાળા નં.૧ થી ૪ નો લેખીત જવાબ રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૭ થી સામાવાળા નં.૨ થી ૪ તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલા અને આંક–૮થી જવાબનો હક બંધ થયેલ હોય તે ખોલી આપવા અરજી આપતા તે નામદાર કોર્ટે મંજુર કરતા આંક–૯થી સામાવાળા નં.૨ તરફે જવાબ રજુ કરી જણાવેલ કે, અરજદારની અરજીમાં જણાવેલ તમામ હકીકતો કબુલ મંજુર અને માન્ય નથી અને તે પુરવાર

કરવાની જવાબદારી અરજદારની છે. હકીકતમાં અરજદારે સામાવાળા નં.૨ સંસ્થામાં કામ કરેલ નથી અને તેઓ સામાવાળા નં.૨ સંસ્થાના કામદાર નથી. અરજદાર અને સામાવાળા નં.૨ વચ્ચે કામદાર માલીકનો સંબંધ અસ્તિત્વમાં ન હતો જેથી અરજદારની અરજી કાયદેસર ચાલી શકે તેમ નથી. સામાવાળા નં.૨ ની જાણ મુજબ અરજદાર શ્રી મહાલક્ષ્મી ટેક્ષટાઈલ નામની સંસ્થામાં કામ કરતા હતા તેમ છતાં કોઈ અગમ્ય કારણસર સામાવાળા નં.૨ વિરુધ્ધ ખોટી અરજી કરેલ છે. અરજદાર સામાવાળા નં.૨ ના કામદાર ન હોય તેમને નોકરીમાં પુન:સ્થાપિત કરવાનો સવાલ ઉપસ્થિત થતો નથી. જેથી અરજદારની અરજી કાયદેસર ચાલી શકતી ન હોય ખર્ચસહીત રદ કરવા જણાવેલ છે.

આંક–૯/એ થી સામાવાળા નં.૩ તરફે જવાબ રજુ કરી જણાવેલ કે, અરજદારની અરજીમાં જણાવેલ તમામ હકીકતો કબુલ મંજુર અને માન્ય નથી અને તે પુરવાર કરવાની જવાબદારી અરજદારની છે. હકીકતમાં અરજદારે સામાવાળા નં.૩ સંસ્થામાં કામ કરેલ નથી અને તેઓ સામાવાળા નં.૩ સંસ્થાના કામદાર નથી. અરજદાર અને સામાવાળા નં.૩ વચ્ચે કામદાર માલીકનો સંબંધ અસ્તિત્વમાં ન હતો જેથી અરજદારની અરજી કાયદેસર ચાલી શકે તેમ નથી. સામાવાળા નં.૩ ની જાણ મુજબ અરજદાર શ્રી મહાલક્ષ્મી ટેક્ષટાઈલ નામની સંસ્થામાં કામ કરતા હતા તેમ છતાં કોઈ અગમ્ય કારણસર સામાવાળા નં.૩ વિરુધ્ધ ખોટી અરજી કરેલ છે. અરજદાર સામાવાળા નં.૩ ના કામદાર ન હોય તેમને નોકરીમાં પુન:સ્થાપિત કરવાનો સવાલ ઉપસ્થિત થતો નથી. જેથી અરજદારની અરજી કાયદેસર ચાલી શકતી ન હોય ખર્ચસહીત રદ કરવા જણાવેલ છે.

આંક–૯/બી થી સામાવાળા નં.૩ તરફે જવાબ રજુ કરી જણાવેલ કે, અરજદારની અરજીમાં જણાવેલ તમામ હકીકતો કબુલ મંજુર અને માન્ય નથી અને તે પુરવાર કરવાની જવાબદારી અરજદારની છે. હકીકતમાં અરજદારે સામાવાળા નં.૪ સંસ્થામાં કામ કરેલ નથી અને તેઓ સામાવાળા નં.૪ સંસ્થાના કામદાર નથી. અરજદાર અને સામાવાળા નં.૪ વચ્ચે કામદાર માલીકનો સંબંધ અસ્તિત્વમાં ન હતો જેથી અરજદારની અરજી કાયદેસર ચાલી શકે તેમ નથી. સામાવાળા નં.૪ ની જાણ મુજબ અરજદાર શ્રી મહાલક્ષ્મી ટેક્ષટાઈલ નામની સંસ્થામાં કામ કરતા હતા તેમ છતાં કોઈ અગમ્ય કારણસર સામાવાળા નં.૪ વિરુધ્ધ ખોટી અરજી કરેલ છે.

અરજદાર સામાવાળા નં.૪ ના કામદાર ન હોય તેમને નોકરીમાં પુન:સ્થાપિત કરવાનો સવાલ ઉપસ્થિત થતો નથી. જેથી અરજદારની અરજી કાયદેસર ચાલી શકતી ન હોય ખર્ચસહીત રદ કરવા જણાવેલ છે.

સદર કામે અરજદારે સામાવાળા સંસ્થામાં નોકરી કરેલ હોય તે અંગેના દસ્તાવેજો રજુ કરાવવા તા.૧૨–૯–૧૨ ના રોજ અરજી કરતા તે બાબતે સામાવાળા નં.૨ના એ આંક–૧૦ થી, સામાવાળા નં.૩નાએ આંક–૧૧ થી અને સામાવાળા નં.૪ નાએ આંક–૧૨ થી જવાબ રજુ કરેલ છે સાથોસાથ આંક–૧૩ થી સામાવાળા નં.૨ થી ૪નાઓએ સામાવાળા સંસ્થાના તમામ દસ્તાવેજો સને ૨૦૦૬ના પુરમાં નાશ પામ્યાની તા.૧–૯–૦૬ના રોજ સંદેશ દૈનિક પેપરમાં આપેલી જાહેરાત રજુ કરેલ છે તેમજ સામાવાળા નં.૨ નાએ આંક–૧૪ થી, સામાવાળા નં.૩ નાએ આંક–૧૫ થી અને સામાવાળા નં.૪ નાએ આંક–૧૬ થી પ્રોડકશન ઓફ ડોકયુમેન્ટની અરજી અન્વયેના સંસ્થાના પગારપત્રક, હાજરીપત્રક વિગેરે તમામ દસ્તાવેજો તા.૭–૮–૦૬ થી ૧૩–૮–૦૬ દરમ્યાન સુરતમાં આવેલ પુરમાં તણાઈ ગયેલા હોય નામદાર કોર્ટના હુકમનુ પાલન કરવુ શકય ન હોય હુકમ મુજબનુ રેકર્ડ રજુ કરી શકતા ન હોવાનુ સોગંદનામાથી જાહેર કરેલ છે.

(૩) હાલના કામે પક્ષકારો તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**અરજદાર તરફે મૌખિક પુરાવો રજુ કરેલ નથી.**

**અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો :–**

| | | |
|---|---|---|
| ૧ | અરજદારે સામાવાળા નં.૧ થી ૪ને વિનંતીપત્ર પાઠવેલ તેની નકલ સ્થળપ્રત | નિ.૩/૧ |
| ૨ | અરજદારે સામાવાળા નં.૧ને રજી.એ.ડી.થી વિનંતીપત્ર મોકલેલ તેની સ્લીપની અસલ | નિ.૩/૨ |
| ૩ | અરજદારે સામાવાળા નં.૧ને રજી.એ.ડી.થી વિનંતીપત્ર મોકલેલ તે ન સ્વીકારતા રીફ્યુઝડના શેરા સાથે પરત આવેલ કવર અસલ | નિ.૩/૩ |
| ૪ | અરજદારે સામાવાળા નં.૨ને રજી.એ.ડી.થી વિનંતીપત્ર મોકલેલ તેની સ્લીપની અસલ | નિ.૩/૪ |
| ૫ | અરજદારે સામાવાળા નં.૨ને રજી.એ.ડી.થી વિનંતીપત્ર મોકલેલ તે ન સ્વીકારતા રીફ્યુઝડના શેરા સાથે પરત આવેલ કવર અસલ | નિ.૩/૫ |

| | | |
|---|---|---|
| ૬ | અરજદારે સામાવાળા નં.૩ને રજી.એ.ડી.થી વિનંતીપત્ર મોકલેલ તેની સ્લીપની અસલ | નિ.૩/૬ |
| ૭ | અરજદારે સામાવાળા નં.૩ને રજી.એ.ડી.થી વિનંતીપત્ર મોકલેલ તે ન સ્વીકારતા રીફ્યુઝડના શેરા સાથે પરત આવેલ કવર અસલ | નિ.૨/૭ |
| ૮ | અરજદારે સામાવાળા નં.૪ને રજી.એ.ડી.થી વિનંતીપત્ર મોકલેલ તેની સ્લીપની અસલ | નિ.૩/૮ |
| ૯ | અરજદારે સામાવાળા નં.૪ને રજી.એ.ડી.થી વિનંતીપત્ર મોકલેલ તે ન સ્વીકારતા રીફ્યુઝડના શેરા સાથે પરત આવેલ કવર અસલ | નિ.૩/૯ |

**સામાવાળા નં.૧ તરફે મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.**

**સામાવાળા નં.૨ થી ૪ તરફે મૌખિક પુરાવો રજુ કરેલ નથી.**

**સાામાવાળા નં.૨ થી ૪ તરફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવો.**

| | | |
|---|---|---|
| ૧ | સંસ્થાના તમામ દસ્તાવેજ સને ૨૦૦૬ના પુરમાં નાશ પામ્યાની સંદેશ પેપરમાં આપેલ જાહેરાત. તા.૧–૯–૦૬ | નિ.૧૩/૧ |

**(૪)** હાલના કામે રેકર્ડ જોતાં સદર કામ અરજદારના પુરાવા માટે હોય અરજદાર જાતે હાજર નથી, તેમના પ્રતિનિધિ હાજર છે. અરજદારે છેલ્લા ૧૩ વર્ષથી સોગંદનામા ધ્વારા જુબાની આપેલ નથી જેથી અરજદારને અરજી ચલાવવામાં રસ ન હોવાનુ જણાતુ હોય આંક–૧૬થી અરજદારનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. સામાવાળા નં.૨ થી ૪ ના વિ.વકીલશ્રી તરફે આંક–૧૭થી સામાવાળા નં.૩–૪ નાએ અરજદારની અરજીનો જવાબ રજુ કરેલ તેને આંક આપવામાં આવેલ ન હોય આંક આપવા માટે અરજી આપતા નામદાર કોર્ટે અરજીની હકીકત સાંભળી સામાવાળા નં.૩ એ રજુ કરેલ જવાબને આંક–૯/એ અને સામાવાળા નં.૪ એ રજુ કરેલ જવાબને આંક–૯/બી આપવાનો હુકમ કરેલ છે. ત્યારબાદ સદર કામ સામાવાળાઓના પુરાવા માટે હોઈ સામાવાળા નં.૧ તરફે કોઈ હાજર ન હોય તા.૭–૨–૧૯ના રોજ સામાવાળા નં.૧ ના પુરાવાનો હક બંધ કરવામાં આવેલ છે જયારે સામાવાળા નં.૨ થી ૪ તરફે હાજર થઈ આંક–૧૮ થી કોઈ પુરાવો રજુ કરવાનો રહેતો ન હોવાનુ જાહેર કરતી પુરસીશ રજુ કરેલ છે. ત્યારબાદ દલીલના તબકકે અરજદાર તરફે હાજર નથી જયારે સામાવાળા નં.૨ થી ૪ ની દલીલ સાંભળી.

**(૫)** સદરહુ કામે નીચે જણાવેલ મુદ્દાઓનો નિર્ણય કરવો ન્યાયોચિત માનુ છું :–

## –: મુદ્દાઓ :–

(૧) શું અરજદાર અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર થાય છે ?

(૨) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે :–

## –: નિર્ણય :–

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

## –: કારણો :–

**<u>મુદ્દા નં. ૧ :–</u>**

**(૬)** હાલના કામે સમગ્ર રેકર્ડ અને રજુઆત ધ્યાને લેતાં આ કામે અરજદારનું પોતાની અરજીમાં કથન છે કે, અરજદાર સામાવાળા નં.૧ થી ૪ ની સંસ્થામાં ૬ વર્ષથી વીવીંગ ખાતામાં વીવર તરીકેના હોદ્દા પર માસીક રુા.૬,૦૦૦/– પગારથી ફરજ બજાવતાં હતા. અરજદારે સામાવાળાઓ પાસે કાયદેસરના હકો અને લાભોના માગણી કરતા અરજદારને નોટીસ, નોટીસપગાર તથા નોકરીના નીકળતા હકોના નાણાં ચુકવ્યા વિના અને માહે ઓકટો.૨૦૦૪નો પગાર ચુકવ્યા વિના તા.૧–૧૧–૨૦૦૪ ના રોજ નોકરીમાંથી છુટા કરી દીધેલા જે સામાવાળાઓનુ કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોવાનુ ઠરાવી અરજદારને ચાલુ અને સળંગ નોકરીમાં પડેલા દિવસોના પગાર સાથે નોકરીની મુળ જગ્યાએ અન્ય લાભો અને હકો સહીત પુન:સ્થાપિત કરે તેવો હુકમ ફરમાવવા તથા અરજીખર્ચ અપાવવા માંગણી કરેલ છે. જયારે સામાવાળા નં. ૨ થી ૪ તરફે હાજર થઈ જવાબ રજુ કરી અરજદારે સામાવાળા સંસ્થામાં કામ કરેલ નથી અને તેઓ સામાવાળાના કામદાર નથી. અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર માલીકનો સંબંધ અસ્તિત્વમાં ન હોય અરજદારની અરજી કાયદેસર ચાલી શકે તેમ નથી. અરજદાર સામાવાળાના કામદાર ન હોય તેમને નોકરીમાં પુન:સ્થાપિત કરવાનો સવાલ ઉપસ્થિત થતો નથી. જેથી અરજદારની અરજી કાયદેસર ચાલી શકતી ન હોય ખર્ચસહીત રદ કરવા જણાવેલ છે. ત્યારબાદ આ કામના અરજદારે સામાવાળા સંસ્થામાં નોકરી કરેલ હોય તે અંગેના દસ્તાવેજો રજુ કરાવવા તા.૧૨–૯–૧૨ ના રોજ અરજી કરતા સામાવાળા

નં.૨ નાએ આંક–૧૪ થી, સામાવાળા નં.૩ નાએ આંક–૧૫ થી અને સામાવાળા નં.૪ નાએ આંક–૧૬ થી પ્રોડકશન ઓફ ડોકયુમેન્ટની અરજી અન્વયેના સંસ્થાના પગારપત્રક, હાજરીપત્રક વિગેરે તમામ દસ્તાવેજો તા.૭–૮–૦૬ થી ૧૩–૮–૦૬ દરમ્યાન સુરતમાં આવેલ પુરમાં તણાઈ ગયેલા હોય નામદાર કોર્ટના હુકમનુ પાલન કરવુ શકય ન હોય હુકમ મુજબનુ રેકર્ડ રજુ કરી શકતા ન હોવાનુ સોગંદનામુ રજુ કરી જાહેર કરેલ છે. ત્યારબાદ સદર કામ પુરાવાના તબકકે હોઈ અરજદાર જાતે હાજર રહેલા નથી કે પોતે હાજર રહી મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરી તેઓ સામાવાળાના કામદાર હોવાનું પુરવાર કરી શકેલ નથી. તેથી આ કામના અરજદારને સામાવાળા સંસ્થાએ કાયદાની જોગવાઈનું પાલન કર્યા સિવાય છુટા કર્યાની કોઈ હકીકત પુરવાર થયેલ નથી. આમ, અરજદાર કામદાર પોતાનો કેસ પ્રસ્થાપિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે. જેથી અરજદાર કામદાર સામાવાળાને ત્યાં નોકરી કરતાં હોય તેવી કોઈ હકીકત ફલીત થતી નથી. વધુમાં, અરજદારે કોઈ પુરાવો રજુ કરેલ ન હોવાથી કામદારે પોતાનો કેસ પ્રસ્થાપિત કરેલ નથી, આમ, અરજદારે જયારે પોતાનો કેસ પુરવાર કરેલ ન હોય ત્યારે તેઓ માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકદાર થતા ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : હુકમ : –**

૧. અરજદારની અરજી તેમની ગેરહાજરી અને પુરાવાના અભાવે રદ કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આ હુકમ આજરોજ તા.૧૩–૩–૨૦૧૯ ના રોજ જાહેર કર્યો.

સુરત.
તા.૧૪–૩–૨૦૧૯.

(મલય વિભાકર ચોકસી)
ન્યાયાધીશ, મજુર અદાલત, સુરત.
U.I.C. No. GJ00831